# First Quad Leaders’ Virtual Summit

March 09, 2021

---

# ક્વોડ નેતાઓની પ્રથમ વર્ચ્યુઅલ શિખર મંત્રણા

માર્ચ 09, 2021

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી 12મી માર્ચ 2021ના રોજ ક્વોડ્રિલેટરલ ફ્રેમવર્કની વર્ચ્યુઅલી યોજાઈ રહેલી પ્રથમ લીડર્સ સમિટમાં ભાગ લેશે જેમાં તેમની સાથે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સ્કોટ મોરિસન, જાપાનના વડાપ્રધાન યોશિહિડે સુગા અને યુએસએના રાષ્ટ્રપતિ જોસેફ આર બાઇડેન પણ જોડાશે.

આ મહાનુભવો સહિયારા હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દા પર વાત કરશે તથા મુક્ત, ખુલ્લા અને સમગ્રલક્ષી ઇન્ડો-પેસિફિક ક્ષેત્ર જાળવવા માટે સહકાર વધારવા અંગે વિચારવિમર્શ કરશે. આ શિખર મંત્રણા સાતત્યપૂર્ણ સપ્લાય ચેઇન, ઉભરતી અને મહત્ત્વની ટેક્નોલોજી, સમુદ્રી સુરક્ષા અને ક્લાઈમેટ ચેન્જ જેવા હાલના પડકારો અંગે વિચારોના આદાનપ્રદાનની પણ તક આપશે.

મહાનુભવો કોવિડ-19 મહામારીનો સામનો કરવાના હાલના પ્રયત્નોની ચર્ચા કરશે અને ઇન્ડો-પેસિફિક ક્ષેત્રમાં સુરક્ષિત, વાજબી અને પોસાય તેવા દરે રસી ઉપલબ્ધ કરાવવાની તક વિશે વિચારશે.

**નવી દિલ્હી**
**માર્ચ 09, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.